સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

આપી જુગટુ રમવાની પ્રેરણા, જન્માષ્ટમી,
મટકી ફોડો ને ખાવ મલાઈ, જન્માષ્ટમી,
ડ્રોન ફરતાં હોય છતાં ધો બોધ, જન્માષ્ટમી,
યાદવાસ્થળી કરી સરકી જાવ! જન્માષ્ટમી

હાઈકુ

ચિંતા વગર -
લ્યો વગાડો વાંસળી -
નાગ મસ્તકે !
(સમસ્યાની ચિંતો છોડો)

કરું વંદન
કૂટનીતિના રાજા !
દ્વારકાધીશ!

ચિંતન

જ્યાયાંસિ શીલેનવિહીન નૈવ પૂજ્યતે ।
અપિ શુદ્રં ચ ધર્મજ્ઞ સદ્વૃતમભિ પૂજયેત ॥

ભલે ઉચ્ચકુળમાં જનમ લીધો હોય તો પણ ચારિત્ર્યહીન હોય તો તે પૂજવાને પાત્ર નથી જ. પણ શુદ્ર કોટીમાં જન્મ લીધો હોવા છતાં પણ જો સદ્‌ગુણી અને સદ્‌વર્તન વાળો હોય તો તે પૂજનીય જ ગણાય.

આજકાલના ઊંચા પરિવારના જન્મેલાં સંતાનો સુવિધા-સમુદ્ધિમાં છકી જાય અને સંસ્કાર અને સંયમ ન મળે તો વંઠી જાય છે. જૂના જાગીરદારોની જે હાલત થઈ છે તે તેમના વળગેલાં વ્યસનો અને આદતોની વળગાડથી આપણે જોઈ છે. જેમના વડીલોને ઉચ્ચકુળ અને પૂર્વજોનું અભિમાન હતું તે આજે તેમનાં વ્યસન અને અસંકારને કારણે પતન થયું હતું.

જ્યારે સ્વાધ્યાય પરિવાર અને ગાયત્રી પરિવારની જહેમતથી આજે નીચેના - દલિત વર્ગોમાં ધર્મ - સંસ્કાર આવતાં સમજ્ઞાન અને પૂજાસ્થાન પ્રાપ્ત થયું છે.

સુવિચાર

- તમારી જાતને એવા લોકોથી ઘેરી લો કે જે તમને પડકાર આપે છે, તમને શીખવે છે અને તમને શ્રેષ્ઠ બનવા માટે દબાણ કરે છે - **કિષ્ણકાન્ટ ઉનડકટ**
- સાચી શ્રદ્ધા, સાચો વિશ્વાસ અને સાચી આત્મબુદ્ધિ, કરે અંતરની શુદ્ધિ - **જીવન દીપ**
- પરાજય શું છે? એ તો એક પ્રકારનું શિક્ષણ છે, કોઈ વધારે સારી વસ્તુ, સારી સ્થિતિ તરફ જવાનું તે પ્રથમ પગથિયું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈની સંગતથી તમારા વિચાર શુદ્ધ થવા લાગે તો સમજી લેવું કે તે વ્યક્તિ સાધારણ નથી - **ભૂપત વડોદરિયા**
- ઓળખાણ એવી બનાવો કે, કોઈ તમને તમારા પૈસાથી નહીં પણ તમારી 'માણસાઈ' થી ઓળખે - **મોરારિ બાપુ**
- મહાન બનવા ભલે કશ્મકશ કરજો,
  પણ મોટાઈના મોહ તથા ગર્વના ગુલામ ન બનતા - **મુનિ શ્રી રાજહંસજી**
- આજનું ઔષધ : લીંબુના બીને પીસીને પાણીમાં પેસ્ટ બનાવી માથામાં લગાવવાથી ટાલમાં વાળ ઊગે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક ઘરમાં પાંચ દીવા પ્રકાશિત હતા, એક દિવસ એક દીવાને થયું કે આટલો બળું છું, તોય મારા પ્રકાશની કોઈને કદર નથી, લાવ આજે હું ઓલવાઈ જાઉં. પોતાને વ્યર્થ સમજીને તે ઓલવાઈ ગયો. તે દીવો 'ઉત્સાહ'નું પ્રતિક હતો. આ જોઈને બીજો દીવો જે 'શાંતિ'નું પ્રતિક હતો. તેને પણ થયું કે હું પણ ઓલવાઈ જાઉં. આમ નિરંતર 'શાંતિ' નો પ્રકાશ આપું છું છતાં લોકો 'હિંસા' કરે છે એમ વિચારીને 'શાંતિ'નો દીવો પણ ઓલવાઈ ગયો. ત્રીજો દિવો 'હિંમત' નો હતો, તે પણ પોતાની હિંમત ખોઈ બેઠો અને ઓલવાઈ ગયો. 'ઉત્સાહ, શાંતિ અને હિંમત' ને ઓલવાઈ ગયેલા જોઈ ચોથા દીવાએ પણ ઓલવાઈ જવાનું ઉચિત સમજ્યું. તે ચોથો દીવો 'સમૃદ્ધિ' નો હતો. હવે ચાર દિવા ઓલવાઈ ગયા પછી એક જ પાંચમો દીવો બાકી હતો. તે નાનો હતો પણ નિરંતર બળી રહ્યો હતો. ત્યારે એ ઓરડામાં એક બાળકે પ્રવેશ કર્યો. એણે જોયું કે એક દીવો પ્રકાશ આપી રહ્યો છે. તે જોઈને 'ખુશ' થયો તેણે પાંચમો દીવો ઉપાડ્યો અને બીજા ચારેય દીવાને ફરીથી પ્રગટાવ્યા. તમને ખબર છે એ પાંચમો દીવો કયો હતો? એ પાંચમો દીવો 'ધીરજ'નો દીવો. આપણે સૌ ઘરમાં અને મનમાં હંમેશા, 'ધીરજ' નો દીવો પ્રજ્વલિત રાખીએ. તે એક જ દીવો પૂરતો છે બીજા દીવા પ્રગટાવવા માટે. 'ધીરજ'નો દીવો સદા અંતરાત્મામાં પ્રજ્વલિત રાખીએ, ખુશીઓ જરૂર આવશે.

નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કી!

તંત્રીસ્થાનેથી...

તહેવારોની મોસમ ચાલી છે. શ્રાવણ જેવો શ્રાવણ કોરોધાકોર જઈ રહ્યો છે ત્યારે આકાશની સરખામણી ગોકુળ-વૃંદાવનની કુંજગલીઓમાં કાનુડાની રાહ જોઈને હતાશામાં સરી પડેલી ગોપીઓની આંખો સાથે કરવાનું મન થાય છે. એક એવી હસ્તી જેની હાજરીથી આખું વાતાવરણ પ્રફુલ્લિત થઈ જતું, સકળ સૃષ્ટિમાં ચૈતન્યનો સંચાર થઈ જતો. ગયો તે ગયો, વળીને કદી પાછો આવ્યો જ નહીં ! ગોપીઓને જન્મસિદ્ધ અધિકાર હતો કાનુડાને ટપારવનો, એના વિશે એલફેલ બોલવાનો. કારણ કે એ બધી એક સાથે એ નટખટ નંદલાલાને પ્રેમ કરતી હતી. એમના પ્રેમની તીવ્રતા તો જુઓ : દૂર દૂર કદંબની છાયામાં બેઠો બેઠો કે એની ડાળી પર ઝૂલતો કનૈયો વાંસળીનો એકાદ સૂર રેલાવે કે બેબાકળી થઈને ગોપીઓ ગાયોનો ધણની જેમ એમનું બધું કામ પડતું મેલીને દોડી પડતી હતી. ઘર રેઢું મૂકી દેતી, ઘરવાળાને રઝળતો કરી દેતી, બાળકોને રોતાં મૂકીને એ પેલા દિવ્ય પ્રેમીને મળવા હડી કાઢીને પહોંચી જતી. એવો એ જાદુગર ગયો તે ગયો. પાછો આવીશ એમ કહીને ગયેલો. સાવ જ જુઠ્ઠો નીકળ્યો. એ જ કુટેવ એ મોટો થયો ત્યાં લગી કાયમ રહી. 'સંભવામિ યુગે યુગે !' - વચન તો આપી દીધું; પાળ્યું ખરું કે ? કહેનારાએ સાચું જ કહ્યું છે : વચનેષુ કિં દરિદ્રતા ! - કૃષ્ણ જનમાષ્ટમીએ કોઈ સનાતન ભારતીય વ્યક્તિ આવા વિચારોથી ઘેરાઈ જાય એવો માહોલ પ્રવર્તી રહ્યો છે આજકાલ. પાંચ હજાર વર્ષથી વધુ સમય થઈ ગયો છે. ઘણું બધું બદલાઈ ગયું છે. નથી બદલાઈ ભારતીય લોકમાનસમાં અંતર્નિહિત 'કૃષ્ણચેતના' બંગાળના સ્વામી પ્રભુપાદ એ કૃષ્ણચેતનાની લ્હાણી કરવા દુનિયાની સફર પર નીકળી પડ્યા અને ઠેકઠેકાણે 'ઈસ્કોન' મંદિરો ઊગી નીકળ્યા. કૃષ્ણનું જીવન સંગીત શાસ્વતીના સૂરો રેલાવે છે. એ કારાગારમાં દેવકીની કૂખમાંથી પ્રગટીને જશોદાની સોડમાં લપાઈ જાય છે નંદ ઘેર આનંદ છવાઈ જાય છે - એ ખબર હોવા છતાં કે જશોદાએ તો દીકરી જણી હતી જેને પથ્થર પર પછાડીને કંસે અટ્ટહાસ્ય કર્યું હતું. કૃષ્ણના બાળવયનાં પરાક્રમો એકથી એક ચડિયાતી બાળવાર્તાઓ છે. પોતાને મારવા આવનારાં રાક્ષસી તત્વોનો એ બાળ કનૈયો કચ્ચરઘાણ વાળીને જંપે છે. એને ગોકુળવાસીઓના યોગક્ષેમની પૂરી ખેવના છે. યમુનાનાં જળને પ્રદૂષિત કરી વાછરડાંનાં જીવ લેનાર કાળી નાગને એ બહાદુરીપૂર્વક 'નાથે' છે. દયા ખાઈને એને જીવતો જવા દે છે પણ એક શરતે : ફરી કયારેક યમુનાને પ્રદૂષિત ન કરે. એ દુષ્ટ રાજસત્તાને પદભ્રષ્ટ કરી ન્યાય પ્રિય શાસન પ્રસ્થાપિત કરી મથુરાને ભયમુત કરે છે. કૃષ્ણ અભયના દાતા છે. ઈંદ્રના ભય સામે ગોકુળની પ્રજાએ ગિરિ ગોવર્ધનનું શરણઉં સ્વીકારવાનો ઉપાય બતાવી નિર્ભય કરે છે તો વળી કુરુક્ષેત્રમાં સ્વજનોને સામે ઊભેલાં જોઈ પરસેવે રેબઝેબ થઈ ગયેલા સખા અર્જુનને પોતાનું વિરાટ દર્શન કરાવી અભયદાન કરે છે, યુદ્ધ કરવા સહમત કરે છે. ચોમેર પિચાશી વૃત્તિઓના અટ્ટહાસ્ય વચ્ચે આબરૂ જતી અટકાવવા મથતી દ્રૌપદીને ચીર પૂરીને ચમત્કાર સર્જે છે. આ છે કૃષ્ણ. જે પાછા પોતાના જ બગડેલા વંશજોનો સંહાર પણ નજર સમક્ષ નિહાળે છે અને મામૂલી પારધિના તીરને વીંધાઈને અવતારકાર્ય પૂરું કરી શકે છે. સવાસો વર્ષની જિંદગી દરમિયાન આ સહસ્રાબ્દીઓના મહાનાયકે કેટકેટલાં સ્વરુપો દેખાડ્યાં છે ! સુદામાની સાથે ગુરુ સાંદીપનિના આશ્રમે લાકડાં વીણવા કૃષ્ણથી લઈ સુદર્શન ચકધારી યોગેશ્વર કૃષ્ણ સુધીની એના વિવિધ પાઠ એણે એવી ખૂબીથી ભજવી જાણ્યા કે પછી કશું ભજવવાનું કોઈના પણ માટે બાકી રહ્યું જ નહીં. કૃષ્ણ શબ્દ 'કૃષ્' ધાતુથી બન્યો છે - કૃષ્ણ એટલે આકર્ષનાર, ખેંચનાર. આ સદાબહાર ભારતીય મહાનાયકે જીવ માત્રને પોતાની તરફ એટલી હદે ખેંચ્યો કે કયારેક જીવ ગોસ્વામીએ મીરાંને એમ કહીને મુલાકાત આપવાની ના કહી કે હું સ્ત્રીનું મોઢું જોતો નથી ત્યારે મીરાંના મોઢામાંથી આ શબ્દો નીકળી પડેલો : ઓહો ! હું તો અત્યાર સુધી એમ જ માની બેઠેલી કે સકળ સૃષ્ટિમાં પુરુષ તો માત્ર કૃષ્ણ જ છે! (તમે વળી કયારના પુરુષ બની ગયા ?) જન્માષ્ટમી પર્વ એ શાશ્વત હીરોને કોટિ કોટિ પ્રણામ. નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી!

મુદ્દત પૂરી થયા પછી લીઝ ધારકે જગ્યા ખાલી કરવી જોઈએ : ગુજરાત હાઈકોર્ટ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

એકવાર લીઝની મુદ્દત પૂર્ણ થઈ ગઈ હોય અને તેમ છતા કોઈપણ ઓથોરીટીનો તેના ઉપર ગેરકાયદેસર કબજો હોય તો તે રીટ કોર્ટ તેને ખાલી કરવા માટેનો આદેશ કરી શકે છે, તેવું નામ. ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે ઠરાવ્યું છે. તેમજ જો લીઝ આપનારને નુકશાન થયું હોય તો લીઝ ધારકે તેને આવા નુકશાનનું વળતર પણ આપવું જોઈએ. નામ.કોર્ટ વળતર ચૂકવવાનો પણ હુકમ કરી શકે છે. રાજ્ય સરકારે કે તેના કોઈપણ માધ્યમની એ ફરજ છે કે તેઓ પોતાની જવાબદારીઓ ન્યાયીક, નિષ્પક્ષ અને વ્યાજબી રીતે બંધારણના અનુચ્છેદ-૧૪ મુજબ નિભાવે.

જો રાજ્ય સરકાર કોઈ ખાનગી પાર્ટી સાથે કરાર કે કોન્ટ્રક્ટમાં ઉતરે તો રાજ્ય સરકાર ખાનગી વ્યક્તિની જેમ વર્તી શકે નહી. કેમ કે કોન્ટ્રાક્ટમાં પણ તેમણે ન્યાયીક, નિષ્પક્ષ અને વ્યાજબી રીતે વર્તવું પડે. સરકારની કોન્ટ્રાક્ટ હેઠળની જવાબદારી સાથે સહઅસ્તીત્વ ધરાવે છે. તેમ પણ નામ. કોર્ટે ઠરાવ્યું છે.

નામ. કોર્ટે નોંધ કરેલ છે કે, ધારકે કે કોઈપણ બે એકમ કે ઓથોરીટી વચ્ચે લીઝ ના કરાર થયા હોય ત્યારબાદ લીઝની મુદ્દત પૂર્ણ થયા બાદ પણ જે તે એકમ જગ્યા ખાલી ના કરે તો શું કોર્ટે તેને જગ્યા ખાલી કરાવવા માટે સીવીલ દાવો કરવાનું ના કહી શકે? લીઝની મુદ્દત પૂરી થયા બાદ પણ લીઝ ધારક જગ્યા ખાલી ના કરતા હોય તેવા કિસ્સામાં જગ્યાના માલિકને સિવીલ દાવો કરવાનો આદેશ કરવો એ ન્યાયની મસ્કરી કરવા સીવાય કશું જ નથી. આવા સંજોગોમાં રિટ કોર્ટની સત્તા છે કે તેઓ સરકાર તેની ઓથોરીટી કે અન્ય કોઈને પણ જગ્યા ખાલી કરી કબજો સોંપવાનો આદેશ કરી શકે છે.

સરકાર અને કોર્પોરેશનમાં તેમજ નગરપાલિકાઓમાં ચાલતા બેફામ અને અણઘડત વહિવટના નમૂનારૂપ કિસ્સામાં નગરપાલીકાએ સરકારી જમીન ઉપર સરકારની પૂર્વ મંજુરી લીધા સીવાય ૧૪૦ દુકાનો ધરાવતું વિશાળ શોપિંગ સેન્ટર ઉભું કરી નાખ્યાના કેસમાં હાઈકોર્ટે રિટ કોર્ટની સત્તાનો સ્પષ્ટતા કરતા ઉપરોક્ત આદેશ કરેલ છે.

હાઈકોર્ટમાં ચાલતા કેસમાં નામ. ખંડપીઠે નોંધ્યું છે કે, નગરપાલિકાએ અરજદાર દ્વારા કરવામાં આવેલા દાવાનો સ્વીકાર કરી લીધો હતો તેથી વિવાદનો અંત આવ્યો હતો. તેથી હાઈકોર્ટને કોઈ રિટ કે ન્યાયિક આદેશો કરવાની જરૂર પડી નહોતી, પરંતુ સદર કેસમાં બંને પક્ષકારો લડતા હોય તો આ કોર્ટે નગરપાલિકાને રિટના અરજદારને નાણાં ચૂકવવાનો આદેશ કરતા પણ ખચકાઈ ના હોત તેમ ઠરાવ્યું છે.

બંધારણની કલમ-૧૪માં કાયદાની સમક્ષની સમાનતા અને કાયદાના સમાન રક્ષણની ખાતરી આપવામાં આવેલી છે.

કાયદાના સમાન રક્ષણનો અર્થ એવો થાય છે કે, એકસરખા સંજોગોમાં એકસરખા વ્યવહારનો દરેક ને હક્ક હોવો જોઈએ એટલે કે કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓના વર્ગને સમાજથી અલગ પાડી તેમના પ્રત્ય ભેદભાવપૂર્ણ વ્યવહાર કે વલણ દર્શાવતો કાયદો ઘડી શકાય નહિ.

આર્ટીકલ-૧૪ મુજબ વ્યાજબી વર્ગીકરણની વિશાળ સત્તા કારોબારીને પ્રાપ્ત છે, પરંતુ નગરપાલિકા મનસ્વી રીતે કાયદાનું અર્થઘટન કરી શકે નહિ. વિશાળ જનહિતને ધ્યાનમાં રાખી કારોબારીએ નિર્ણય કરવાનો થાય મનસ્વી રીતે કાયદાનો ઉપયોગ કરી વર્ગીકરણ કરવામાં આવેલું જણાશે તો અદાલત આવા વર્ગીકરણ આર્ટીકલ-૧૪ના ભંગ સમાન ગણી રદ કરશે.

પ્રસ્તુત કેસમાં નગરપાલિકાએ બંધારણની કલમ-૧૪નો ભંગ કરેલ હોય લીઝની જગ્યા ખાલી કરી માલિકને કબજો સોંપવો જોઈએ તેવું ઠરાવેલ.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

આજે માલિક અને ચાકર વચ્ચે અવિશ્વાસ વધતો જાય છે

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

અગર ધાર્યું ધણીના થાય છે તો બેફિકર થઈને
અમસ્થી આંખ મીંચીને ગમે તે ધારવું, સાધો
સિતમનો હક્ક બને છે એમનો શું થાય સ્નેહી છે
- હરિશ માનાશ્રુ

આજના આ સમયમાં કામ કરનારા અને કામ કરાવનારા બંને વચ્ચે એક જાતનો અવિશ્વાસ અને અસંતોષનો સંબંધ વિકસતો જાય છે. મોઢા પર કદાચ વર્તાવા ન દે પણ બંને પક્ષે વિશ્વાસનો અને આત્મીયતાનો અભાવ જણાય છે. એક સમય એવો હતો જયારે માલિક એટલે કે ધણી અને ચાકર એટલે કે કામ કરનાર વચ્ચે કંઈક અનોખો જ સંબંધ રહેતો : એવી જ એક વાત 'સૌરાષ્ટ્રની રસધાર' માં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ નોંધી છે :

દિવાળીના નવા દિવસો હતો : વડોદ ગામની ખળાવાડમાં ખળાં મશલી ઊપણીને તૈયાર થાતાં હતાં. જગા પટેલની વહુ-દીકરીનો દાણા વાવલતી નવાં લૂગતાં અને ઘરેણાંના મનોરથમાં મહાલતી હતી. ટાઢા-ટાઢા વાવડા વાતા હતા. તેમાં મોતી જેવા દાણા ભોં માથે વરસતા હતા અને વાવલનારીઓની ચૂંટણીઓના છેડા ફરકતા હતા.

શિયાળાની તડકીમાં ચળકતો, મૂઠી ફાટે તેવો બાજરો ખળામાં પડ્યો છે. જગો પટેલ પોતાના બાજરાના ગંજ સામે મીટ માંડીને જોઈ રહ્યા છે. લીલતણી બાજરો એની નજરમાં સમાતો નથી. પ્રભાતને પહોર એને પાપનો મનસૂબો ઊપડયો છે. એ વિચાર કરે છે કે ''ઓહોહો ! મહેનત કરી-કરીને તૂટી ગયા મારા ભાઈયું : આ બાજરો પાકયો અમારે પરસેવે: અને હવે ઠાલા મફતના દરબાર પોતાનો રાજભાગ લઈ જશે !''

વળી થોડીક વાર થંભી ગયા, બાજરા સામે ટાંપી રહ્યા. ફરી વાર પેટમાંથી ફૂડ બોલ્યું: 'રાતમાં એકાદ ગાડી બાજરો ભરીને ઘરભેળો કરી દઉં તો એટલો મારો સુવાંગ રે'શે, રાજભાગમાં નહિ તણાઈ જાય.''

અરધી રાતનો ગજર ભાંગ્યો એટલે પોતાના ભાઈ તથા સાથીને લઈને પટેલે ખળામાંથી બાજરાનું ગાડું ભર્યું. ભૂદેવો જેમ તરપિંડી જમતી વખતે પોતાની હોજરીનું ભાન રાખતા નથી, તેમ જગા પટેલે પણ લોભે જઈ ગાડામાં હદ ઉપરાંત બાજરો ભર્યો અને પાછલી રાતના ગાડું જોડી ઘર ભણી ચાલ્યા. સાથી ગાડું હાંકતો હતો; પોતે ગાડાની આગળ ચાલતા હતા અને તેમના ભાઈ ગાડાની પાછળ ચાલતા હતા.

ગામનાં પાદર ઢૂકડાં આવતાં હદ ઉપરાંત ભારને લીધે ગાડાની ધરી ગુડિયામાંથી નીકળી ગઈ; અને ગાડાનું પૈડું ચાલતું અટકી પડ્યું. જગો પટેલ મૂંઝાણા. ત્રણેય જણાએ મળી મહેનત તો કરી, પણ ગાડું ઊંચું થયું નહિ. ધણીની ચોરી એટલે કોઈને મદદે બોલવવા જાય તો છતરાયું થઈ જાય; તેમ પાછળ ખળ પર છેટું ગયું એટલે ગાડું પાછું ખાલી પણ કરી શકાય નહિ. આમ જગા પટેલને છછુંદર ગળ્યા જેવું થયું. સવાર પડશે - અજવાળું થશે - તો ફજેતો થરા, એવી બીકમાં હાંફળાફાંફળા થતા જગો પટેલ કોઈ વટેમાર્ગની વાટ જોવા મંડ્યા. ઈશ્વરને કરવું તે એના જ દરબાર - જેની ચોરી હતી તે - ગજાભાઈ ગોહિલ જ પરોઢિયામાં પોતાના હંમેશના નિયમ પ્રમાણે જંગલ જવા સારુ હાથમ કળશિયો લઈ નીકળ્યા. ટાઢ પડતી હતી એટલે દરબારે મોઢે બોકાનું બાંધેલું હતું. ફક્ત દરબારની આંખો જ બહાર તગતગતી હતી.

જેવા દરબાર જગા પટેલના ગાડા પાસેથી નીકળ્યા તેવા જ પટેલે, ગરજવાનને અક્કલ ન હોય એ હિસાબે દરબારને કોઈ વટેમાર્ગુ ધાર્યા અને મનમાં વિચાર્યું કે, આ આદમી અજાણ્યો હોવાની ગામને ખબર નહિ પડે કે હું બાજરો છાનોમાનો લઈ જાઉં ચું. એવું ધારીને પોતે ઉતાવળા ઉતાવળા બોલ્યા કે, 'એ જુવાન ! જરાક આ ગાડું સમું કરાવતો જા ને!

અંધારું, ગભરામણ અને દરબાર મોંઢે બોકાનું બાંધેલ; એટલે જગા પટેલે તો દરબારને ન ઓળખ્યા; પણ દરબારે જગા પટેલને ઓળખી લીધા. દરબાર સમજી ગયા કે 'મારા રાજભાગનો બાજરો આપવો પડે એ ચોરીને પટેલ છાનુંમાનું ગાડું ભરી લઈ જાય છે.' પરંતુ દરબારે વિચાર કર્યો કે હું ઓળખાઈ જઈશ તો જગા પટેલ જેવો માણસ ભોંઠો પડશે - શરમાશે. માટે પટેલ પોતાને ન ઓળખે એવી રીતે નીચું જોઈ ગાડાને કેડનો ટેકો દઈ પૈડું ઊંચું કરાવ્યું, એટલે પટેલ ધરી નાખી ગાડું ચાલતું કરી રાજી થતા ઘર ભણી હાંકી ગયા.

હશે! હોય! બિચારા રાતદિવસ ટાઢતડકો વેઠી મહેનત કરીને કમાય અને મે દાણો ભાળીને એનું મન કદીક બગડે તોય શું થઈ ગયું! એ પણ આપણી. વસ્તી છે ને!' આમ વિચારતા વિચારતા દરબાર ચાલ્યા ગયા.

આ વાત બન્યાને આશરે છએક માસ થયા હશે. દરબારના દરિયાવ દિલમાં ઉપરની વાતનું ઓસાણ પણ નથી. એવે સમયે દરબારમાં મહેમાનો આવેલા હવાલદાર મહેમાનો સારું ખાટલા-ગોદડાં લેવા જગા પટેલને ત્યાં ગયો. પટેલે હા-ના કરવાથી હવાલદારે જગા પટેલને કાંઈ કડવું વચન કીધું, એટલે પટેલને રીસ ચડી. પોતે બોલ્યા કે ''મારે આવા દરબારના ગામમાં રહેવું જ નથી.''

હવાલદારે પણ તોછડાઈથી કીધું કે ''ત્યારે શીદને પડ્યા છો? તને ક્યાંય બીજે મળતું નથી? હાલ્યો જા ને!''

એટલે જગા પટેલને પગથી માથા સુધી ઝાળ લાગી ગઈ. દુભાઈને રાતે ગાડામાં ઉચાળા ભર્યા. દરબારને આ વાતની કશી ખબર પણ નથી. પણ વળતે દિવસે સવારે દરબાર ડેલીએ ડાયરો કરી બેઠા છે, ત્યાં જગા પટેલ પોતાના બાળબચ્ચાં, રાચરચીલું અને ઢોરઢાંખર લઈ ગાડાં ભરી ડેલી પાસેથી નીકળ્યા. ગામનાં માણસો એમને વારવા-મનાવવા મંડ્યાં, પણ પટેલ તો વધારે જોર કરવા મંડ્યા. દરબારને ખબર પડી, એટલે દરબારે પણ ચોપાટમાંથી નીચે ઊતરી જગા પટેલને ખૂબ સમજાવ્યા અને કારણ પૂછ્યું. જગા પટેલે ખિજાઈને કહ્યું કે ''દરબાર! અમારી વહુઓ આણામાં બે સારાં ગોદડાં લાવી હોય છે તેય અમે વેઠે કાઢી દઈએ, અમ ગાભા ઓઢીને આવી ટાઢમાં સુઈ રહીએ, તોય તમારો ત્રણ દોકડાનો હવાલદાર અમને હડબડાવે! ફફડાવે! એ અમને નથી પરવડતું.''

દરબારે સબૂરીથી આખી વાત જાણી લીધી. ઘણા દિલગીર થયા. હવાલદારને સજા કરી, અને પટેલને કહ્યું કે ''બાપ! તમે મારાં સોનાનાં ઝાડવાં છો. માફ કરો અને પાછા વળો.''

પરંતુ જગો પટેલ કોઈ રીતે સમજ્યા નહિ. એટલે દરબારે જગા પટેલના પગ ચડી કાનમાં કીધું કે ''પટલ ! જાવ તો ભલે જાવ; પણ જે ધણી કેડનો ટેકો દી બાજરાનું ભરતિયું વળાવે, તેવો ધણી ગોતજો, હો!''

આટલું કહી દરબાર તો ચાલ્યા ગયા. પણ આંહીં પટેલના હાડોહાડમાં ધ્રુજારી છૂટ્યો. પટેલથી કાંઈ બોલાયું નહિ. મનમાં એક જ વાત બોલાઈ ગઈ કે ''આનું નામ તે ધણી! જે ધણીની મેં ચોરી કરી હતી, તે જ ધણી ચોરીમાં મદદ કરે અને મારી આબરૂને ખાતર મને તો માફ તો કરે, પરંતુ એ વાતમાંયે હું ભોંઠો પડું એ દયાથી મને ખાનગીમાં પણ ઠપકો દે નહિ! અરે, આવો ધણી મને બીજે ક્યાં મળે ? એમ વિચારીને પટેલે ગાડાં ફેરવ્યાં.

Last seen :

રામની વાડી ભોગવવી, ભાઈ, હક્કનાં પાઈ નીર;
સૌને વ્હેંચી ચાખવી આપણે રામના ફળની ચીર :
આપણા ભેગાં સૌનાં ભાણાં માંડીએ જી. - રામની.

'ઉશનસ્'

- nehalgadhavi101@gmail.com

ગુજરાતના ડિજિટલ ગિજુભાઈ બધેકા : ધનંજય રાવલ

નવી સવાર
રમેશ તન્ના

ગિજુભાઈ બધેકા એટલે મૂંછાળી મા અને બાળકોના વકીલ. બાળ કેળવણી અને બાળ સાહિત્ય ક્ષેત્રે તેમણે માતબર પ્રદાન કર્યું. મનુભાઈ પંચોળીએ નોંધ્યું છે તેમ એક સમયે ગુજરાતમાં મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને ઝવેરચંદ મેઘાણી પછી સૌથી વધુ લોકપ્રિય અથ?હવા જાણીતા ગિજુભાઈ હતા.



દરેક સમયકાળને પોતાના ગિજુભાઈની જરુર પડતી હોય છે. આજકાલ ટેકનોલોજીનો જમાનો છે. આજની ટેકનોલોજી કિડ્સ ફ્રેન્ડ્લી અથવા ચાઈલ્ડ ફ્રેન્ડ્લી છે. આજનાં બાળકો ટેકનોલોજીની ભરમાળ વચ્ચે જન્મે છે અને ઉછરે છે. એવા સમયકાળમાં જીવનના અર્થને સાચવીને બાળકોને ટેકનોલોજીનો પરિચય અને સ્પર્શ કરાવવાનું કામ નાજુક પણ જરુરી છે. ગુજરાતમાં એ કામ વર્ષોથી ધનંજય રાવલ કરી રહ્યા છે. જો તમે ધનંજય રાવલના નામ અને કામ વિશે જાણો તો ચોક્કસ રાજી થાવ. હું વર્ષોથી તેમના કાર્યોને બારીકાઈથી જોતો રહ્યો છું. તેમની કાર્યનિષ્ઠા અને સમાજનિષ્ઠા તથા સજ્જતાને જોઈ-જાણી અને અનુભવીને હું તેમને ગુજરાતના ડિજિટલ ગિજુભાઈ તરીકે ઓળખું છું.

●●●

તેમનાં માતાનું નામ કાંતાબહેન. પિતાનું નામ અંબિકાપ્રસાદ. જન્મ ૨૪મી, જાન્યુઆરી, ૧૯૬૩ના રોજ મોરબીમાં થયો. મોસાળ મહેસાણા. તેમના પિતા આઈ.ટી.આઈ.માં પ્રિન્સીપાલ હતા. તેમણે જામનગર અને અમદાવાદમાં ફરજ બજાવેલી. તેઓ કુલ ચાર ભાઈઓ અને બે બહેનો. ધનંજયભાઈ પાંચમું સંતાન.

ધનંજયભાઈ ચાર ધોરણ સુધી જામનગરમાં ભણ્યા એ પછીનો બધો અભ્યાસ અમદાવાદમાં. ધોરણ ૧૨માં તેમણે સાયન્સ લીધું હતું. અમદાવાદની પોલિટેકનિકમાંથી તેમણે ઈલેક્ટ્રીકલ વિષયમાં ડિપ્લોમા અને ડિગ્રી કર્યાં.

નાનપણથી જ તેમને વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે ખૂબ બને. ઘરનું વાતાવરણ પણ એવું જ. એવું કહી શકાય કે, તેમને જીન્સમાં જ વિજ્ઞાન મળ્યું. ૧૫મી ઓગસ્ટ, ૧૯૮૪ના રોજ અમદાવાદમાં અંકુર હોબી સેન્ટરનો જન્મ થયો. શું હતું તેનું પ્રયોજન ? ભારતની ખાસ કરીને, ગુજરાતના લોકોને નવી ટેકનોલોજીથી પરિચિત કરાવવાનો તે તેનો મુખ્ય હેતુ હતો. માત્ર માહિતી આપવાને બદલે લોકોને ટેકનોલોજી સુલભ કરાવીને તેઓ રોજગારી મેળવી શકે, આર્થિક ઉપાર્જન કરી શકે તેવું વાતાવરણ ઊભું કરવાનું અંકુર હોબી સેન્ટરનું સ્વપ્ન હતું. સ્વપ્ન સાચું હતું અને પરિશ્રમ થયો એટલે તે સાકાર પણ થયું. એ જમાનામાં ઈલેક્ટ્રોનિક નવું નવું હતું. લોકોમાં, ખાસ કરીને યુવાનોમાં આ વિષયનું આકર્ષણ હતું. અંકુર હોબી સેન્ટરમાં અમદાવાદના યુવાનોને ઈલેક્ટ્રોનિક ભણાવવામાં આવતું. વાલ્વ ટાઈપ રેડિયોના જમાનામાં અંકુરમાં ઈલેક્ટ્રોનિક શીખવવાનો પ્રારંભ થયો એ ખરેખર તો ઐતિહાસિક અને ક્રાંતિકારી વાત હતી. ગુજરાત સરકાર પાસે એન્જિનિયરિંગ કોલેજોમાં કે આઈ.ટી.આઈ.માં ઈલેક્ટ્રોનિક ભણાવવાની વ્યવસ્થા નહોતી તેથી સરકારે અંકુર હોબી સેન્ટરને તરત માન્યતા આપી.

અંકુર હોબી સેન્ટરમાં માત્ર ત્રણ મહિનાની તાલીમ લઈને યુવાનો પોતાનો સ્વતંત્ર ધંધો કરતા થયા કે નોકરી મેળવતા પણ થયા.

ધનંજયભાઈના પિતાજી અંબિકાપ્રસાદ રાવલ ખૂબ જ સારા ટેકનોક્રેટ હતા. ત્યાર પછી તેમના ચાર પુત્રો પણ એન્જિનિયર થયા. એ પણ ઈલેક્ટ્રોનિક્સના. રાવલ પરિવારનો મુખ્ય વ્યવસાય ટેલિવિઝન મેન્યુફેક્ચરીંગનો હતો. ટેલિવિઝન બનાવીને તેઓ ટાટા કંપનીને આપતા હતા. રતન ટાટા એક વખત અંકુર હોબી સેન્ટરની ઓફિસની મુલાકાતે આ??વેલા. ખૂબ સરળ માણસ. તેઓ કહેતા કે, લોકોને ફાયદો હોય એમાં જ અમારો ફાયદો છે. સાદી લાગતી આ વાત કેટલી બધી સાચી અને મોટી છે ! વળી, તે એક એવી વ્યક્તિના મોએથી બોલાઈ છે જે વ્યક્તિએ કરોડો લોકોને હંમેશાં ફાયદો જ કરાવી આપ્યો છે.

ધનંજયભાઈ પણ એ જ ગોત્રના માણસ. ધનંજયભાઈ કહે છે કે, હું પણ હંમેશાં એવો જ વિચાર કરતો કે, આપણી સેવા કે વસ્તુ એવાં હોવા જોઈએ કે, જે સાદાં હોય અને વધુને વધુ લોકોને ઉપયોગી થાય